## ક્લાસિફાઈડ

### ૮. શુભ પ્રસંગો માટે

**લગ્નનો ઉતારો તો કાંદિવલી ઈસ્ટમાં જ**

સ્ટેશન નજીક ૨૫/૫૦, મહેમાનો માટે એ/સી રૂમ્સની સુંદર સગવડ અને સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા. ઉદય પંડયા- ૨૮૮૭૧૬૭૨, ૯૩૨૪૪૭૨૬૭૨, ૯૩૨૧૦૦૨૬૭૨. (એસએ/૪૬૪૫-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

**લોનાવાલા**

એસી, નોન એસી વીલાસ, ભાડેથી મળશે, ફુડ એક્સ્ટ્રા, ૯૮૧૯૧૮૨૩૨૧.(બી-૬૦૧૨)

### ૧૪. નોકરી ખાલી છે

BORIVALI MANAGER (PART Time) Govt / Private Retired, Salary, Medical: 8108927913. (B-6004)

### ૧૯. ફેકટરી વર્કશોપ

**વસઈ**

સાતીવલી, વાલીવ, હાઈવેમાં ઈન્ડસ્ટ્રીયલ ગાળા ભાડેથી, લેવા વેચવા રાજેશ દડીયા ૯૩૨૬૪૯૫૦૦૩, ૯૩૨૨૭૬૨૮૦૫. (૬૯૩૫-એ)

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા - વેચવા ભાડેથી રૂષભ ઉપાધ્યાય ૯૦૪૯૬૨૫૦૭૩ હિતેશ ઉપાધ્યાય ૯૩૨૬૪૭૦૧૦૯/ ૭૯૭૭૫૪૫૨૨૫. (૮૬૦૮-એ)

**વસઈ-કામણ**

**સાતીવલી - રાજીવલી - વાલીવ - હાઈવે બાપાને - માલજીપાડા - ઈન્ડસ્ટ્રીયલ - ગાળા - શેડ - યુનીટ -પ્લોટ - લેવા - વેચવા - ભાડેથી. ગોપીભાઈ - ૯૩૨૬૪૭૨૩૯૯, જીતેન્દ્રભાઈ - ૯૩૭૨૦૯૮૪૬૫. (૬૩૯૭-એ)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**નવશક્તિ જ્યોતિષ**

બધી સમસ્યાઓનો ૨ કલાકમાં રિઝલ્ટ. લવ-પ્રોબ્લમ, લગ્ન, છૂટાછેડા, ઘરકંકાસ, શત્રુ, બીમારી, વ્યાપાર લાભ - બોરીવલી (વેસ્ટ). ૮૫૯૧૨૫૯૩૭૩. (બી-૫૯૮૮)

**બંગાલી ગુરુ**

એક કલાકમાં લવ - પ્રોબ્લેમ - પતિથી દુઃખી - રીલેશનશીપ - લાંબી બીમારી - છોકરા - છોકરી કોઈના પ્રેમ તુરંત સમાધાન ઘેરબેઠા - ૭૦૪૬૫૯૦૫૭૧. (૭૯૫૨/એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. ૮૭૭૯૬૨૨૦૯૪ / ૯૮૨૧૧૯૫૭૨૦/ ૯૭૭૩૨૨૬૬૭૫ (કાંદિવલી). (૮૬૫૨-એ)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩) સોસાયટીના સ્પેશ્યાલીસ્ટઃ ઉધઈ/ વાંદા/ માંકડ. કાંદિવલી- ૨૮૬૨૫૯૨૮/ ૨૮૬૨૫૯૨૯, ચીરાબજાર- ૯૦૨૯૧૮૧૦૩૦. (૮૬૩૪-ડી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૯ જાન્યુઆરીથી મુંબઈ-દિલ્હી રાજધાની એક્સપ્રેસ રોજ દોડશે

મુંબઇઃ રેલવેએ ટ્રેન નંબર ૦૧૨૨૧/૦૧૨૨૨ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)-હજરત નિઝામુદ્દીન રાજધાની સુપરફાસ્ટ ટ્રેનને ૧૯ જાન્યુઆરીથી રોજ દોડાવવાનું નક્કી કર્યું છે. હાલમાં આ ટ્રેન અઠવાડિયાના ચાર દિવસ દોડે છે.

ટ્રેન નંબર ૦૧૨૨૧ રાજધાની સુપરફાસ્ટ સ્પેશિયલ સીએસએમટીથી રોજ સાંજે ચાર વાગે નીકળશે અને બીજા દિવસે સવારે ૯.૫૫ કલાકે હજરત નિઝામુદ્દીન પહોંચશે.

ટ્રેન નંબર ૦૧૨૨૨ રાજધાની સુપરફાસ્ટ સ્પેશિયલ હજરત નિઝામુદ્દીનથી ૨૦ જાન્યુઆરીથી રોજ સાંજે ૪.૫૫ કલાકે નીકળશે અને બીજા દિવસે સવારે ૧૧.૧૫ કલાકે સીએસએમટી પહોંચશે. વધારેલી ફ્રિકવન્સીની ટ્રેનોનું રિઝર્વેશન ૧૪ જાન્યુઆરીથી દરેક કમ્પ્યુટરાઇઝ્ડ રિઝર્વેશન સેન્ટર પર અને આઇઆરસીટીસીની વૅબસાઇટ પર શરૂ થશે. કન્ફર્મ ટિકિટ ધરાવતા પ્રવાસીઓ જ આ ટ્રેનમાં મુસાફરી કરી શકશે. ■

## ગેરકાયદે ટિકિટ વિક્રેતાઓ સામે ઝુંબેશ

### ₹ ૬.૪૩ લાખની ઇ-ટિકિટ જપ્ત

મુંબઇઃ કોરોનાને કારણે દેશવ્યાપી લોકડાઉન અને ત્યાર બાદ અનલોક દરમિયાન મધ્ય રેલવે પ્રવાસીઓ માટે વિશેષ અને તહેવાર વિશેષ ટ્રેન ચલાવે છે. અધિકૃત લોકોને આરક્ષિત ટિકિટ ઉપલબ્ધ કરાવવાના રેલવેના નિરંતર પ્રયાસો છે. મધ્ય રેલવે દ્વારા આરપીએફની મદદથી ગેરકાયદે ટિકિટ વિક્રેતાઓ સામે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ડિસેમ્બર, ૨૦૨૦ના મહિનામાં વિશેષ અભિયાન દ્વારા એટીએસ ટીમે ગેરકાયદે ટિકિટ વેચતા ત્રણ એજન્ટોની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી ૬.૪૩ લાખ રૂપિયાની ૪૦૦ ઇ-ટિકિટ જપ્ત કરી હતી. આ ત્રણે એજન્ટોને આરપીએફને સોંપવામાં આવ્યા છે. મધ્ય રેલવેના પ્રવક્તાના જણાવ્યા અનુસાર ૧૨ ડિસેમ્બરના રોજ હાથ ધરવામાં આવેલી ઝુંબેશમાં ૬૨,૫૪૫ રૂપિયાની કિંમતની ૬૮ ઇ-ટિકિટ જપ્ત કરવામાં આવી હતી અને ૨૩ ડિસેમ્બરના રોજ હાથ ધરાયેલી ઝુંબેશમાં ૪,૯૧,૧૫૦ રૂપિયાની કિંમતની ૨૭૩ ઇ-ટિકિટ અને ૮૯,૮૩૨ રૂપિયાની કિંમતની ૫૯ ઇ-ટિકિટ જપ્ત કરવામાં આવી હતી. ■

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભદ્રાવાળનિવાસી હાલ કાંદિવલી સ્વ. અમૃતલાલ છગનલાલ શાહના પુત્રવધૂ અ.સૌ. કોકિલાબેન ધીરેનભાઈ શાહ (ઉ.વ. ૬૮) તે તા. ૧૨/૧/૨૧ના અરિહંતશરણ પામ્યા છે. તે પરિમલ, કેયુર તથા પ્રિતેશના માતુશ્રી. રોશની, ટ્વિંકલ, ચૈતાલીના સાસુ. અલકા દીવેન્દ્ર શાહ, ચંદ્રા ચંદ્રકાન્ત શાહ, કનકબેન મહેશકુમાર શાહ, રીટા મુકેશકુમાર શેઠના ભાભી. પાલીતાણાવાળા સ્વ. દુર્લભદાસ પાનાચંદ દોશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેરાવાસી શ્વેતામ્બર જૈન**

વિરમગામ નિવાસી હાલ મીરા રોડ સ્વ. લીલાવતી જગજીવનદાસ શાહના પુત્ર નીતિનભાઈ (ઉં.વ. ૫૮) તે આરતીબેનના પતિ. નેમી-વંદના તથા નિરાલી નીરવકુમાર શાહના પિતા. સ્વ. ઇન્દ્રવદનભાઈ, મહેન્દ્રભાઈ, હંસાબેન અનીલકુમાર શાહ, કલ્પના જવાહરલાલ કોઠારી, જ્યોતિ પ્રકાશકુમાર કપાસીના ભાઈ. સ્વ. તરૂલતા પ્રવિણચંદ્ર પારેખના જમાઈ. તા. ૧૨/૧/૨૧ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

કાલાવડ નિવાસી હાલ પાર્લા સ્વ. મણીબેન ન્યાલચંદ વોરાના પુત્ર. સ્વ. તારાબેનના પતિ ગીરીશભાઈ વોરા (ઉં. વ. ૮૯) તે ૧૧-૧-૨૧ના અરિહંતશરણ પામ્યા છે. તે રમણીકભાઇ, મહેન્દ્રભાઈ, સ્વ. વિધુભાઈ, સ્વ. પ્રકાશભાઈ, સ્વ. નીલમબેન, સ્વ. ભાનુબેન, સ્વ. પુષ્પાબેન, સ્વ. જ્યોત્સ્નાબેનના ભાઈ. મ.સા. વિરાગ સાધના સ્વયંમ સાધના, લક્ષિત અસ્મિતા ચેતન, મનીષા પરેશ, પારૂલ જીતેન્દ્રના પિતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ઉમરાળા નિવાસી હાલ મુલુંડ સ્વ. રમણીકલાલ પરમાણંદદાસ શાહના સુપુત્ર અરવિંદભાઈ (ઉં.વ.૬૪) ૧૩-૧-૨૧ના અરિહંતશરણ પામ્યા છે. તે છાયાબેનના પતિ. તે ચિરાગ અને હિરલ કૃણાલભાઈ કપાસીના પિતાશ્રી. તે મોક્ષાના સસરા. તે ગીતાબેન કિર્તીકુમાર ભીમાણીના ભાઈ. તે સ્વ. મગનલાલ રણછોડદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૧૫.૧.૨૧ શુક્રવારના સવારે ૧૦. થી ૧૨ રાખેલ છે.

**દશા પોરવાડ દેરાવાસી જૈન**

ડભોઈ નિવાસી હાલ અંધેરી શશીકાંત શેઠ (ઉં. વ. ૯૬) તા. ૧૨.૧.૨૧ મંગળવારના અરીહંતશરણ પામ્યા છે. તે ઉદયભાઈ તથા મયુરભાઈના પિતાશ્રી. હર્ષાબેન તથા સ્વાતિબેનના સસરા. ધવલ, ગુંજન, જયા તથા હેતલ જિગરભાઈ વોરાના દાદાજી. પુત્રવધૂ મિલોની તથા નિકીતાના દાદા સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર પ્રથા રદ કરેલ છે.

**ઝાલાવાડી વીસા શ્રીમાળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

બોટાદ નિવાસી હાલ મુંબઈ. સ્વ. પ્રાણલાલ જગજીવનદાસ બગડીયાના પત્ની સરોજબેન (ઉં. વ. ૮૪) તા. ૧૦-૧-૨૧ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે સીમા જ્યોતિન શાહ, ડો. સોનલ ભાવિન ભાયાણી, ડો. સેજલ ચેતન દોશીના માતુશ્રી. સ્વ. વિનુભાઈ, સ્વ. કમળાબેન, સ્વ. વિમળાબેન, સ્વ. ગુણીબેનના ભાભી. સ્વ. મગનલાલ નરસીદાસ વોરાના સુપુત્રી. હર્ષદભાઈ, સુભાષભાઈ, હંસાબેન, ગુણીલાબેન, ભદ્રાબેન, ઈલાબેન, વર્ષાબેન, રક્ષાબેનના બેન. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ સાયન ચંદ્રાબેન (ચંદુબેન) (ઉં. વ. ૮૪) તે સ્વ. નરેન્દ્રભાઈ પ્રેમચંદ શાહના ધર્મપત્ની તા. ૧૩-૧-૨૧ના અરિહંતશરણ પામેલ છે. તે તુષાર, સંજયના માતુશ્રી. તેજલ, નિતાના સાસુ. શ્રીનલ-સાહિલ, નીલય-કરિશ્મા, મોનીલના દાદી. બીપીનચંદ્ર પ્રેમચંદ્ર શાહ (બેંગ્લોર), સ્વ. વસંતબેન, વનિતાબેન, રસીલાબેન, કોકિલાના ભાભી. તે પિયર પક્ષે ઘોઘાવાળાના સ્વ. કનુભાઈ જીવણલાલના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

## મરણ નોંધ માટે ખાસ સૂચના

**કોરોના વાઇરસની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મરણ નોંધ આપવા માટે 'મુંબઈ સમાચાર'ના કાર્યાલય સુધી આવવાને બદલે ઇ-મેલથી મોકલી શકાશે. લેટરહેડ પર મરણનોંધ મોકલવા ઉપરાંત ડેથ સર્ટિફિકેટ અથવા લાકડાની રસીદ સાથે મોકલવી અનિવાર્ય રહેશે.**

**ઇ-મેલઃ samachar.bombay@gmail.com**

- વ્યવસ્થાપક

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મેરાઉના પુષ્પાબેન રામજી ગાલા (ઉં.વ. ૮૪) તા. ૧૧/૧/૨૧ના અવસાન પામેલ છે. મેઘબાઇ જીવરાજના પુત્રવધૂ. રામજી જીવરાજ ગાલાના પત્ની. વાસંતી (મીના), રંજન, અશોક, પ્રદિપના માતુશ્રી. નવાવાસ પાનબાઇ જેવતના સુપુત્રી. વસનજી, ઝવેર, તારા, લતા, જગદીશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રદિપ ગાલા, મારૂતી પ્રસાદ સો., બી /૫૦૫, પ્લોટ નં. ૩૯૪, સે. ૩૧, નવી મુંબઇ.

પત્રીના રતનશી ભવાનજી લખમશી ગોગરી (ઉં.વ. ૮૨) તા. ૧૨-૧-૨૧ના અરિહંતશરણ પામેલ છે. લક્ષ્મીબેન ભવાનજીના પુત્ર. સાકરબેનના પતિ. સ્વ. રમેશના ભાઇ. સ્વ. હરેશ, મીના, રીટા, ચેતનાના પિતા. લુણીના મુલીબાઇ પાસુ કેશવજી દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રતનશીભાઇ ગોગરી, એ-૧, ૨૧, નૌ સંરક્ષણ સોસાયટી, નેવી કોલોની, લિબર્ટી ગાર્ડન, મલાડ (વેસ્ટ).

કુંદરોડીના રૂક્ષ્મણી શામજી મામણીયા (ઉં.વ. ૭૮) માટુંગા મધ્યે તા. ૧૨-૦૧-૨૧ના સમાધીપૂર્વક સંથારો સીઝયો. જીવીબાઇ ખીમજી મુરજી પુંજા મામણીયાના પુત્રવધૂ. વડાલાના માતુશ્રી રતનબેન ગાંગજી પુંજા ગડાના સુપુત્રી. શામજી ખીમજી મામણીયાના ધર્મપત્ની. ગૌત્તમ, કૌશલના માતુશ્રી. પ્રેમજીભાઇ ઉમરશીભાઇ નાનજીભાઇ સાડાઉના લક્ષ્મી કાંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શામજી ખીમજી મામણીયા, બી/૪ ગુપ્તા નિવાસ, પ્લોટ નં. ૩૯૪, ભાવદાજી રોડ, માટુંગા (સે.રે.), મું. ૧૯.

ગઢશીશાના ગં.સ્વ. કુંવરબાઇ ખીમજી દેઢીયા (ઉં.વ. ૮૨), ૧૨-૧-૨૧ના કચ્છમાં અવસાન પામ્યા છે. નાનબાઇ વરજાંગ ઉમરશીના પુત્રવધૂ. સ્વ. ખીમજીના પત્ની. નવલ, રંજન, નયના, માધુરી, જયંતી, ઝવેરચંદના માતુશ્રી. શેરડી ભાનુબાઇ તેજશી નાગડાના પુત્રી. શામજી, ભવાનજી, નાનબાઇ, હાંસબાઇ, તારાબેન, દેવકાંબાઇની બહેન. પ્રાર્થના રાખેલ નથી.

નવાવાસના સુંદરબેન શામજી રતનશી (ગજરાજ પરિવાર)ના જમાઇ સુથરીના હરીષ પદમશી પીર (ઉં.વ. ૬૪) ૧૩-૧-૨૧ના અવસાન પામેલ છે. ભમલબેન પદમશી પીરના સુપુત્ર. મીનાબેનના પતિ. મિનલ નેહાના પિતા. સુશીલા, પ્રેમીલા વસંત, કુલીન, નલીન, મહેન્દ્ર નીતાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મીનાબેન જૈન, બી-૮ જયશ્રી લક્ષ્મી પૂજા, રામચંદ્ર નગર, ડોંબિવલી (ઇસ્ટ).

## હિન્દુ મરણ

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

કલકત્તા નિવાસી, હાલ કાંદિવલી - મુંબઈ. ઈલા (ઉં. વ. ૫૦). તા. ૧૧-૧-૨૦૨૧, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે ભાવેશ રમેશચંદ્ર લિયાના પત્ની. યશ્વી ભાવેશ લિયાના માતુશ્રી. ગિરીશ રમેશચંદ્ર લિયા, પ્રકાશ રમેશચંદ્ર લિયા અને શૈલેષ રમેશચંદ્ર લિયાના ભાભી. સ્વ. ભદ્રાબહેન ભાઇલાલભાઇ સોનેજી અને સ્વ. ભાઇલાલભાઇ સુંદરજી સોનેજીના પુત્રી. વિજય ભાઇલાલભાઇ સોનેજી, હેમાંગીની હિમાંશુ ઘાંઘા, હર્ષા હેમંત ગોરાતેલા અને પુનમ હિતેશ વણઝારાના બહેન. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી સ્વ. હરકીશનદાસ ચકુભાઇ ગાંધીના ધર્મપત્ની નિર્મળાબેન ગાંધી (ઉં.વ. ૮૮) તે ૧૧/૧/૨૧ના શ્રીજીશરણ પામ્યા છે. તે પ્રશાંત, છાયા, દક્ષા, પ્રીતિ, ફાલ્ગુનીના માતુશ્રી. યોગેશ શેઠ, સ્વ. અતુલ ભુતા, સ્વ. પરાગ શેઠ તથા વર્ષાના સાસુ. સ્વ. ધરમદાસ અમીદાસ સંઘવી કતપરના પુત્રી. જાનવી, મિહિર, શ્વેતા, હેતલના બા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ કેશોદ હાલ વાપી સ્વ. સાકરબેન તથા સ્વ. ડાહ્યાલાલ કાનજી માખેચાના પુત્રવધૂ અ.સૌ. હર્ષાબેન (ઉં.વ. ૬૭) તે જગદીશભાઈ માખેચાના પત્ની. સ્વ. દિવાળીબેન તથા સ્વ.જમનાદાસ રતનશી બુદ્ધદેવના પુત્રી. વસુબેન ગીરધરલાલ વજાણી, મધુબેન વસંતભાઈ ખેતાણી તથા સ્વ. શરદભાઈના બહેન. જીજ્ઞા કિન્નરકુમાર લાખાણી, શીતલબેન દેવેશભાઈ ચિતલીયા તથા જયેશના માતુશ્રી. તા.૧૧-૧-૨૧ના શ્રીજીશરણ પામ્યા છે. તેમની ઓનલાઇન પ્રાર્થનાસભા તા. ૧૬-૧-૨૧ના બપોરે ૩ થી ૫ રાખેલ છે.

**બ્રહ્મભટ્ટ**

ચોલિયાણા નિવાસી હાલ બોરીવલી સ્વ. જયાબેન પોપટલાલ ઘેડીયાના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ. ૮૦) તે સ્વ. માલાબેનના પિતા. મનીષ હેમાના પિતા. સ્વ. અરવિંદભાઈ, વિનોદભાઈ, સ્વ. હરિશભાઈ, સ્વ. પ્રફુલભાઇ, હંસા જયંતીલાલ કૈલયા, કોકિલા મહેન્દ્ર લખલાણી, નીલા ભરત કામદારના ભાઈ. સ્વ. નટવરલાલ પારેખના જમાઈ. ૧૨-૧-૨૧ના શ્રીજીશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટીયા**

જયસિંહ કાપડીયા (ઉં.વ.૭૪) તે જયશ્રીબેનના પતિ. સ્વ. પ્રમીલાબેન તથા સ્વ. પરમાણંદ મોરારજીના પુત્ર. સ્વ. પ્રમીલાબેન તથા સ્વ. જયરાજ ચત્રભુજના જમાઈ. તે ચિ. ચિંતના, અ.સૌ. જીજ્ઞાબેનના પિતા. અ.સૌ. ભાવિ, સોમદીપ દયાલના સસરા ૧૩-૧-૨૧ના શ્રીજીચરણ પામ્યા છે. લૌ. વ્ય. બંધ છે.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ ચેન્નાઈ અ.સૌ. સરોજ નરેન્દ્ર શાહ (ઉં.વ.૭૦) તે સ્વ. વ્રજલક્ષ્મી દુલભદાસ ઘડિયાળી શાહના પુત્રવધૂ. તે પરબવાવડીવાળાં હાલ મુંબઈ સ્વ. કંચનબેન જેઠાલાલ રૈયાણીના સુપુત્રી. તે સ્મિતા રૂપલ સંદીપ મ્હાત્રે, રક્ષિતનાં માતુશ્રી. તે કૂંજનના સાસુ. તે સ્વ. નાનુભાઈ, શરદ, સુરેશ, મહેન્દ્રના બેન મંગળવાર, ૧૨-૧-૨૧ના શ્રીજીચરણ પામેલ છે. લૌ. વ્ય. બંધ છે.

**કચ્છી ભાનુશાલી**

ભા. વસંતલાલ નાનજી ગોરી શીરવા (ઉં.વ.૬૧) ૧૨-૧-૨૧ના મુંબઈ મધ્યે ઓધવશરણ પામેલ છે. પુત્રો અમિત, અંકિત, કનૈયા. ભાઈઓ સ્વ. બાબુભાઈ, જયંતીભાઈ, અનિલભાઈ, ભરતભાઈ. સાસરાપક્ષે સ્વ. શંકરલાલ ભોજરાજ કટારમલ હમલા. મોસાળપક્ષ સ્વ. લાલજી રવજી મંગે ડોણ હાલે જામનગર. બહેન બનેવી બબીબેન મુરજી ગજરા, મણીબેન પ્રેમજી નંદા, નિર્મલાબેન દયારામ નંદા, મધુબેન મહેન્દ્ર કટારીયા. પ્રાર્થના રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોંઘીબેન વિશનજી ઠક્કર (શદલાણી) કચ્છ ગામ અંજાર હાલે કાંદીવલીના પુત્ર ભુપેન્દ્રભાઈ (ઉં.વ.૭૩) તે સોમવાર, ૧૧-૧-૨૧ના પરમધામ પામેલ છે. તે વસંતબેનના પતિ. તે હેતલ, યોગેશ, સોનેટા, ચિ. ભાવેશ તથા જલ્પા જીગ્નેશ ભગતના પિતા. તે પાર્થના દાદા. તે સ્વ. જમનાદાસ તથા સ્વ. જયંતીભાઈના ભાઈ. તે સ્વ. જવેરબેન ભગવાનદાસ ઠક્કર (ગંધા) કચ્છ ગામ મોડવદરના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌ. વ્ય. બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ ઘાટકોપર સ્વ. શાંતિલાલ કેશવજી પારેખના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન પારેખ (ઉં. વ. ૮૫) ૧૩/૦૧/૨૦૨૧ના શ્રીજી ચરણ પામ્યા છે. તેઓ જયશ્રી જીતેન્દ્ર દોશી, જ્યોતિ કૃષ્ણકાંત સંઘવી, રેખા પંકજ સંઘવી, જયેશ, રાજેશના માતુશ્રી. મયુરી, અમિતના સાસુ. તેઓ મહુવાવાળા સ્વ. વિજયાબેન કેસુરદાસ ગાંધીના દીકરી. ચંપકલાલ ગાંધી, જસવંતી વસંતરાય ચિતલીયાના બેન. અમૃતલાલ પારેખ, જડીબેન દોશી, કાંતાબેન મહેતાના ભાભી. જાહ્નવી અપૂર્વ ઝવેરી, યશ, શૈલીના દાદીમાં. સર્વ લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થના સભા ઝૂમ મીટીંગ પર રવિવારે તા. ૧૭/ ૦૧/૨૦૨૧ સાંજના ૫-૬ વાગ્યે છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદીવલી, ગં. સ્વ. કાંતાબેન ભુપતરાય સંઘવીના પુત્રવધૂ સુશીલાબેન વિજયકુમાર સંઘવી (ઉં. વ. ૬૬) તા. ૦૮/૦૧/ ૨૦૨૧ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે ચિંતન, દર્પણા, હાર્દિક, ઓલ્ગાના માતુશ્રી. જાફરાવાદવાળા સ્વ. વિજ્યાલક્ષ્મી કૃષ્ણદાસ મહેતાના સુપુત્રી. અશોકભાઈ, જ્યોત્સના, પારુલ બકુલેશ મહેતા, દીપીકા ભૂતાના ભાભી. ગં. સ્વ. જશવંતી મનુભાઈ મહેતા, સ્વ. મધુભાઈ માલતી, સ્વ. ચંદ્રકાંતભાઈ દક્ષા, કિરીટભાઈ શીલા, દિલીપભાઈ વર્ષાના બહેન. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાસોંઠ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

હાલ વિલેપાર્લે અં. સૌ. લક્ષીતા (ઉં. વ. ૭૫) તા. ૧૩ જાન્યુઆરીના શ્રીજીચરણ પામ્યા છે. તે મયુર સુંદરલાલ મોદીના ધર્મપત્ની તથા પાર્થ મોદી, નીપા શાહના માતુશ્રી. તેજલ મોદી, જોય શાહના સાસુ. સ્વ. ઉત્તપલ, શશાંક ભગતના બેન. જનય, પલક, ક્રિશના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ માંડવીવાલા સ્વ. શામજી કેશવજી ઠક્કર (ખાંટ) (બાયઠવાલા)ના પુત્ર કલ્યાણજીભાઈ (ઉં. વ. ૮૫) તે ગુણવંતીબેનના પતિ. તે રાજેશભાઈ, ગં. સ્વ. લતાબેન ભરતભાઈ દાવડાના પિતાશ્રી. તે શોભનાબેનના સસરાજી. તે સ્વ. માધવજીભાઈ, સ્વ. લક્ષ્મીદાસભાઈ, સ્વ. જમનાદાસભાઈ, સ્વ. માણેકબેન મણીલાલ, સ્વ. સરસ્વતીબેન વલ્લભદાસ, સ્વ. નર્મદાબેન માવજીના ભાઈ. તે મહેશભાઈ, અ.સૌ. ભાનુમતીબેન જયંતભાઈ, અ.સૌ. કુસુમબેન નરેન્દ્રભાઈ, અ.સૌ. નેહલબેન નરેન્દ્રભાઈ પુજારાના મોટા બનેવી તા. ૧૨/૧/૨૧ને મંગળવારના રોજ મુલુંડ મુકામે સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ મોટા આસંબિયા (હાલે બદલાપુર)ના સ્વ. ભીમજી લક્ષ્મીદાસ માધવાણીનાં પત્ની કાંતાબેન (ઉં. વ. ૯૬) તે સ્વ. ચનાભાઈ કુંવરજી ગણાત્રા હાલે વડોદરાવાળાની પુત્રી. સ્વ. રંજનબેન શંકરલાલ કેસરીયા, સૌ. ભગવતીબેન વિનોદકુમાર સચદે, અશોક, જયેશના માતા. અમીતાબેન, પૂર્ણિમાબેનનાં સાસુ. રૂપાલી જીગ્નેશકુમાર પટેલ, કૃતિકા ચિરાગકુમાર શાહ, પ્રતીક તથા પૂજાનાં દાદીમા સોમવાર તા. ૧૧-૧-૨૧ના રોજ શ્રીરામશરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા રાખી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

સાવરકુંડલાવાળા હાલ કાંદિવલી જસવંતભાઈ ત્રિભુવનભાઈ કનાડિયા (ઉં. વ. ૮૭) તા. ૧૧-૧-૨૧ના રામશરણ પામ્યા છે. રેખાબેનના પતિ. સ્વ. ગિરધરભાઈ, સ્વ. જયંતિભાઈ, સ્વ. નટુભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. લાભુબેન, સ્વ. વિજુબેન, સ્વ. શારદાબેનના ભાઈ. રંજનબેન, માયાબેન, ભારતીબેન, પ્રકાશભાઈના પિતા. રમેશકુમાર કવા, ભૂપેન્દ્રકુમાર પરમાર, નીતિનકુમાર રાઠોડ અને ડિમ્પલબેનના સસરા. સાસરાપક્ષે ધોરાજીવાળા સ્વ. વિજયાબેન મોહનલાલ દાવડાના જમાઈ. રિધમના દાદા. તેમનું ટેલિફોનિક બેસણું શુક્રવાર, તા. ૧૫-૧-૨૧ના સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

ભાવનગરવાળા (હાલ કાંદિવલી) સ્વ. શેઠ શ્રી પ્રતા પરાય ઓધવજી મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. મંગળાબેન (ઉં. વ. ૯૧) તા. ૯-૧-૨૧ને શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે દેવ્યાની જીતેન્દ્ર મહેતાના માતુશ્રી. તે જીતેન્દ્ર ગુણવંતરાય મહેતાના સાસુ. તે યશ, ધ્વનિ વિશાલ અગ્રવાલના નાની. તે બાલકૃષ્ણ, હિરાબેન ગીરધરલાલ મુનિના ભાભી. તે સથરાવાળા ગીરધરલાલ દુર્લભદાસ મહેતા તથા પુરુષોત્તમદાસ નાગરદાસ મુનિના દીકરી. તેમની પ્રાર્થના સભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વસંતાબેન હંસરાજભાઈ લવજીભાઈ ખાંટ (ઠક્કર) ગુંદીયારીવાળાના સુપુત્ર રણજીત (ઉં. વ. ૬૫) હાલે ઘાટકોપર તે સ્વ. પ્રતાપસિંહ રતનશી કુંવરજી કતીરા (ઠક્કર). રવાવાળાના જમાઈ. તે કિર્તીદાબેનના પતિ. તે સૌ હિરલ અમનભાઈ ગોકલાણી, સૌ. ઈનેશ હાર્દિક ઠક્કરના પિતાશ્રી. તે સૌ. ચંદુબેન (દીવ્યા), અરૂણકુમાર પોપટના ભાઈ મંગળવાર, તા. ૧૨-૧-૨૧ના શ્રી રામશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

કેરસી પલ અંકલેસરીયા તે બકુલના ધની. તે કમલ ઝુબીન ડુમસીયાના પપ્પા. તે ઝુબીન દારા ડુમસીયાના સસરા. તે જહવેર સાયરસ જસાવાલાના ભાઈ. તે જીનીમાય અને રુસ્તમજી કોલાહના જમાઈ. તે નરગીસ તથા જાલ હોરમસજી અંકલેશ્વરના દીકરા. (ઉં. વ. ૭૪) રે. ઠે.: પારવતી પમો માળ, ૬૫ એસ. વી. રોડ, અંધેરી (વે). મુંબઈ-૫૮. ઉઠમણાંની ક્રિયાઃ ૧૪-૧-૨૧એ પટેલ અગિયારી અંધેરીમાં ૩.૪૫એ સાંજે થશેજી.

ગુલ દારબ રાન્દેલીયા તે દારબ હોરમસજી રાન્દેલીયાના વિધવા. તે પરસ્ટાર ને આરીશના ગ્રેટ આન્ટી. નોઝર નવરોઝ સુતરીયાના આન્ટી. જેસ્મીન નોઝર સુતરીયાના આન્ટી તે હુતોક્ષી જીમી સદરી ને રોહિન્ટ મલેસરીયાના આન્ટી. (ઉં. વ. ૭૯) રે. ઠે.: જી/૨૩, નવરોઝ બાગ, એસ. એસ. રાવ રોડ, ત્રીજે માળે, લાલબાગ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ ૧૪-૧-૨૧ બપોરે ૩-૪૫ પી.એમ. ડુંગરવાડી ભાભા નં. ૨માં છે.

દોલત બરજોર સુતરીયા તે મરહુમ બરજોર ખરસેતજી સુતરીયાના ધણીયાણી. તે મરહુમો જાઈજી એરચશાહ મોગરેલીયાના દીકરી. તે મરહુમો ધનબાઈ ખરશેતજી સુતરીયાના વહુ. તે યાસમીન તથા મરહુમ જીજીભાઈ આંબાપારડીવાલા, તે ગુલીસ્તાન તથા મરહુમ દીનયાર સીગનપોર્યા, તે મેહરનોશ સુતરીયાના માતાજી. તે રશના મેહરનોશ સુતરીયાના સાસુજી. (ઉં. વ. ૮૫) રે. ઠે.: આર/૬ નવરોજ બાગ, લાલબાગ પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ ૧૪-૧-૨૧એ લાલબાગ વાડિયાજી અગિયારીમાં ૩.૪૫એ થશેજી.

પરવીઝ સોરાબજી મેહરહોમજી તે મરહુમો ગુલબાનુ તથા સોરાબજી એરચશા મેહરહોમજીના દીકરી. તે હોમાય જાલ સવઈ, વીલુ એરચ મેહરહોમજી તથા મરહુમો નવાઝ બહેરામ દાવર, મની જાલ ચીનોઈ, કેરસી સોરાબજી મેહરહોમજીના બહેન. તે નેવીલ જાલ ચીનોઇ, ફરોખ જાલ સવઈ, મેહરનોશ, જાલ ચીનોઈ, પરસી જાલ સવઈ, શાહરૂખ એરચ મેહરહોમજી તથા મરહુમ ખુરશેદ બહેરામ દાવરના માસીજી. તે મેહરનોશ કેરસી મેહરહોમજીના ફૂઈજી. તે રોશની કેરસી મેહરહોમજીના નરન. (ઉં. વ. ૮૩) રે. ઠે.: એ૬/૩૦૧, બીજો ફેસ, બાર, રહેમંદ આઝાદ નગર, થાણે. ઉઠમણાંની ક્રિયાઃ ૧૫-૧-૨૧ બપોરે ૩-૪૫ પી.એમ થાણા મધ્યે પટેલ અગિયારીમાં છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### રાજ્ય સરકારની પનોતી

તેમની માહિતી તેમની માટે સમસ્યા ઊભી કરી શકે તેમ છે. મુંડેના જણાવ્યા અનુસાર ફરિયાદી મહિલાની મોટી બહેન સાથે ૨૦૦૩થી તેઓ સંબંધ ધરાવતા હતા અને તેમના સંબંધથી તેમને બે બાળક છે. બન્ને બાળકને તેમણે પોતાનું નામ આપ્યું છે અને તેમના સંબંધની જાણ તેમના પત્ની અને પરિવારને છે. તેમની આ કબૂલાત બાદ ભાજપે તેમના રાજીનામાંની માગણી કરી હતી અને ફરિયાદી મહિલા અને તેના પરિવારને સંરક્ષણ આપી મુંબઈ પોલીસ કોઈપણ જાતના જબાણ વિના કેસની તપાસ કરે તેવી માગણી કરી હતી. આ સાથે મુંડેએ પોતાના સોગંદનામામાં આ બે સંતાનો અને મહિલા તેમના પર અવલંબે છે તે અંગે કોઈ માહિતી આપી નથી. વળી, હિન્દુ એક્ટ અનુસાર આ પ્રકારે બે સંબંધો રાખી શકાતા ન હોવાથી જો તેમને પદ પરથી ઉતારી નાખવામાં નહીં આવે, તો રાજ્યવ્યાપી આંદોલનની ધમકી પણ ભાજપના યુવા મોરચાના નેતા વિક્રાંત પાટીલે આપી હતી. ભાજપના મહિલા નેતા ચિત્રા વાઘે નૈતિકતાના ધોરણે મુંડેએ પોતે જ પદ પરથી રાજીનામું આપવું જોઈએ તેમ જણાવ્યું હતું. ગોપીનાથ મુંડેના ભત્રીજા અને હાલમાં એનસીપીમાં સારો મોભો ધરાવતા મુંડેનું પ્રધાનપદ અને વિધાનસભ્યપદ હાલમાં ખતરામાં છે. બીજી બાજુ એનસીપીના બીજા એક કદાવર નેતા અને પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા નવાબ મલિકના જમાઈનું નામ ડ્રગ્સ પ્રકરણમાં ખુલ્યું છે. તેમના જમાઈ સમીર ખાનને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો દ્વારા નોટિસ આપવામાં આવી હતી અને તેની પૂછપરછ કરવામાં આવી હતી. ■

### એજ્યુકેશન બોર્ડ

પરીક્ષાનું આયોજન કરી શકશે. એ સિવાય એસ.એસ.સી., એચ.એસ.સી (મહારાષ્ટ્ર બોર્ડ), સીબીએસઈ, આઈબી, સીઆઈએસસીઈ અને આઈજીસીએસઈ બોર્ડ તેમની ૧૦ અને ૧૨મા ધોરણની પરીક્ષા તેમના નક્કી કરેલા ટાઈમ ટેબલ મુજબ લઈ શકશે. જોકે તેમણે કોરોનાને ધ્યાનમાં રાખીને તમામ નિયમનું પાલન કરવાનું રહેશે. મુંબઈમાં આવેલી કેમ્બ્રિજ બોર્ડ સ્કૂલની નવમાથી બારમા ધોરણનું શૈક્ષણિક વર્ષ ફેબ્રુઆરી-માર્ચથી ચાલુ થતું હોય છે અને ૨૩ જાન્યુઆરીથી તેમની પક્ષી ચાલુ થતી હોય છે. પાલિકાએ ગયા મહિને શહેરમાં આવેલી યુનાઈટેડ સ્ટેટની સ્કૂલ તથા અન્ય કૉન્સ્યુલેટ્સની શાળાઓને ૧૮ જાન્યુઆરીથી ખોલવાની મંજૂરી આપી હતી પણ અન્ય બોર્ડની શાળાઓ બાબતે પાલિકાએ હજી કોઈ ચોખવટ કરી નથી. ■

### મુંબઈને મળ્યો

કર્મચારીઓને વેક્સિન આપવામાં આવશે.

ડ્રગ કંટ્રોલર ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયાએ ઈમરજન્સી ઉપયોગ માટે સિરમ ઈન્સ્ટિટ્યૂટની કોવિશિલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિનની વેક્સિનને મંજૂરી આપ્યા બાદ દેશભરમાં ૧૬ જાન્યુઆરીથી વેક્સિન આપવામાં આવવાની છે, ત્યારે મુંબઈને બુધવારે સવારે કોવિશિલ્ડ વેક્સિનનો પહેલા તબક્કાનો ૧,૩૯,૫૦૦ ડોઝનો સ્ટોક મળ્યો હતો.

પાલિકાના આરોગ્ય ખાતાના અધિકારીઓ પુણે સ્થિત સિરમ ઈન્સ્ટિટ્યૂટથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ વેક્સિન મુંબઈમાં લઈ આવ્યા હતા.

વેક્સિનના સ્ટોરેજ માટે પાલિકાએ કાંજુરમાર્ગમાં જમ્બો કોલ્ડ સ્ટોરેજ બનાવ્યું છે પણ તેનું કામ હજી અપૂર્ણ હોઈ પાલિકાની એફ-દક્ષિણ વૉર્ડની પરેલની ઑફિસમાં આવેલા કોલ્ડ સ્ટોરેજમાં પ્લસ બે ડિગ્રીથી પ્લસ આઠ ડિગ્રી સેલ્સિયસમાં સુરક્ષિત રીતે આ વેક્સિન રાખવામાં આવ્યા છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|